# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા તા. ૦૮/૦૯/૨૦૧૬ ના રોજ
# વિશ્વ સાક્ષરતા દિનની ઉજવણી

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે કાર્યરત આયોજીત યોજના “સ્ટ્રેન્થનિંગ ઓફ ફાર્મ ટેકનોલોજિ ટ્રેનીંગ સેન્ટર” અંતર્ગત તા: ૦૮-૦૯-૨૦૧૬ ના રોજ મહેમદાવાદ તાલુકાના સાંખેજ ગામે **“વિશ્વ સાક્ષરતા દિન”** કાર્યક્રમ યોજવામાં આવ્યો. સદર કાર્યક્રમમાં સાંખેજ ગામના ૨૫ ખેડૂતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. એસ. એ. સિપાઈ, મદદનીશ વિસ્તરણ શાસ્ત્રીએ હાજર રહેલ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત તથા ખેડૂતોમાં પ્રવર્તમાન શિક્ષણની જરૂરિયાત અને જાગૃતતા વિષે વ્યાખ્યાન આપ્યું હતું. પ્રો. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે વૈશ્વિક અને ભારતીય ખેડૂતમાં રહેલ સાક્ષરતાનું પ્રમાણ તથા શિક્ષિત અને અશિક્ષિત ખેડૂત વચ્ચેના મહત્વના પાસાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરેલ. વધુમાં, પાક સંરક્ષણને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે જૂથ ચર્ચાનું આયોજન પણ કરવામાં આવ્યુ જેમાં કપાસમાં ચીકટો અને ગુલાબી ઇયળનું નિયંત્રણ, ડાંગરમાં જુશ્ના અંગારિયા રોગનું નિયંત્રણ, વેલાવાળા શાકભાજીમાં ફળમાખીનું નિયંત્રણ, ભૂંડ અને રોજ દ્વારા થતુ નુકસાન, બજાર વ્યવસ્થાપન વિગેરે વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે ગામના અગ્રણી શ્રી બિંદેશભાઇ પટેલે આભારવિધી કરી હતી.

